
# મેઘરજ પંથકમાં પ્રધાનમંત્રી ઉજ્વલા યોજના ‘ઉઘરાણા યોજના’ બની

## લાભાર્થી દીઠ ૫૦૦ રૂપિયા મેઘરજની શિવ ગેસ એજન્સીના લાગતા કર્મચારીઓ ઉઘરાવતા હોવાની લેખિત અરજી

મોડાસા, તા. ૧૩

પ્રધાનમંત્રી ઉજવલા યોજના અંતર્ગત લાભાર્થી અને મહિલાઓને મફત રાંધણ ગેસ યોજનામાં અરવલ્લી જીલ્લાની ગેસ એજન્સીઓ ફોર્મ દીઠ ૨૦૦ થી ૫૦૦ રૂપિયા ઉઘરાવવામાં આવતી હોવાની અનેક બૂમો ઉઠી છે, ત્યારે મેઘરજ તાલુકામાં મેઘરજમાં આવેલી શિવ ગેસ એજન્સીના લાગતા કર્મચારીઓ ઉજ્વલા યોજનાના લાભાર્થીઓ પાસે થી ૫૦૦ રૂપિયા ઉઘરાવવામાં આવે છે. લાભાર્થી ૫૦૦ રૂપિયા ના આપે તો કનેક્શન મંજુર નથી થયું જણાવી લાભાર્થીઓને એજન્સીમાંથી કાઢી મુકવામાં આવતા હોવાની લેખિત રજિ જિલ્લા પુરવઠા અધિકારીને કરવામાં આવતા ગેરકાયદેસર નાણાં ઉઘરાવતી એજન્સી સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે જરૂર પડે કર્મચારીઓ સાથે થયેલી વાતચીતનો ઓડીઓ રેકોર્ડિંગ પણ આપવામાં આવશે નો ઉલ્લેખ અરજીમાં કરવામાં આવતા જિલ્લા પુરવઠા તંત્ર આ અજેન્સી સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

અરવલ્લી જીલ્લામાં પ્રધાનમંત્રી ઉજવલા યોજના અંતર્ગત ગેસ એજન્સી ધારકો એજન્ટો અને કર્મચારીઓ સાથે મીલીભગતથી લાભાર્થીઓ પાસેથી ફોર્મના નામે અને સ્ટેમ્પ અને કાગળિયા કરવાના નામે ૨૦૦ થી ૭૦૦ રૂપિયા સુધીનું ઉઘરાણું કરી અભણ, ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને ખંખેરવામાં અનેક બૂમો ઉઠી હોવા છતાં જીલ્લા પુરવઠા તંત્ર આંખ આડે કાન કરી સબ સલામતના દાવા કરી રહ્યું છે. ગેસ એજન્સીઓ સામે થતા આક્ષેપોમાં તપાસ કરવાના બદલે અરજદારો પાસે પુરાવામાં માંગવામાં આવતા હોવાનું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. અરવલ્લી જીલ્લા પુરવઠા તંત્રની મથરાવટી વધુ ને વધુ બગડી રહી છે તેમાં વધુ એક ઉઘરાણાની વાત બહાર આવતા એજન્સીમાં તપાસ ને આડે પાટે તો નહિ ચઢાવાય ને...? તપાસના નામે એજન્સીનું ગેરકાયદેસર ઉઘરાણા પર પડદો તો પાડી દેવામાં આવે જેવી ચર્ચા સમગ્ર પંથકમાં ટોક ઓફ ધી ટાઉન બની છે. મેઘરજના ગુલામનબી ઈબ્રાહીમ ખેરાડાએ મેઘરજની શિવ ગેસ એજન્સીના લગતા કર્મચારીઓ દ્વારા પ્રધાનમંત્રી ઉજવલા યોજનામાં ૫૦૦ રૂપિયા ઉઘરાવવામાં આવતી હોવાની લેખિત અરજી કરાતા ખળભળાટ મચ્યો છે અને અરજદારને સમજવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.




### મેઘરજ મામલતદારના જણાવ્યા અનુસાર

મેઘરજની શિવ ગેસ એજન્સીના લાગતા કર્મચારીઓ દ્વારા ઉજ્વલા યોજના અંતર્ગત લાભાર્થીઓ પાસેથી ઉઘરાણું થતું હોવા અંગે જણાવ્યું હતું કે અમને લેખિત ફરિયાદ મળી છે અને અમે ટીમ બનાવી આ અંગે તપાસ કરીશુનો રાગ આલાપ્યો હતો.

# બાયડ તાલુકા પંચાયતમાં અધ્યક્ષને લઈને ભાજપમાં ડખો પડ્યો : સામાન્ય સભા મોફુક

મોડાસા, તા. ૧૩

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ સત્તા પર હતી. અઢી વર્ષ પ્રમુખ, ઉપપ્રમુખની ટર્મ પૂર્ણ થતા બીજેપી દ્વારા કોંગ્રેસમાં ભંગાણ સર્જી ભાજપે કોંગ્રેસના સદસ્યોનો ટેકો લઈ ભાજપે કબ્જો જમાવ્યો હતો. સોમવારે તાલુકા પંચાયતની યોજાયેલી સામાન્ય સભામાં કારોબારી અધ્યક્ષની નિમણુંકને લઈને ડખો પડતા ભાજપના સભ્યો અંદરો અંદર બાખડી પડતા તાલુકા પંચાયત પ્રમુખે સામાન્યસભા મોકૂફ રાખતા ભારે અસમંજસની સ્થિતિ પેદા થતા બાયડ તાલુકા અને જીલ્લાના રાજકારણમાં ભારે ગરમાયો આવી ગયો છે. આગામી સમયમાં બાયડ તાલુકા પંચાયતમાં નવાજુની થવાના એંધાણ પેદા થયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. સામાન્ય સભા મોકૂફ રખાતા બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ અધિકારીનો ઉધડો લીધો હોવાનું લોકમુખે ચર્ચાતું હતું.



# કાંકરેજ તાલુકા પંચાયત કચેરી ખાતે સમાજ કલ્યાણના ફોર્મ માટે પડાપડી

કાંકરેજ, તા. ૧૩

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરીમાં આવેલ કાંકરેજ તાલુકા પંચાયત કચેરીમાં મોટી સંખ્યામાં લોકો ની લાઈનો લાગી હતી અને જિલ્લા સમાજ કલ્યાણ કચેરી દ્વારા પંડિત દીનદયાળ મકાનોના ફોર્મ દર અઠવાડિયે સોમવારે લાભાર્થીને આપવામાં આવશે એવું સૂત્રોએ જણાવ્યું હતું. ત્યારે બે સોમવારથી કાંકરેજ તાલુકાના ગરીબ લાભાર્થી મકાન સહાયના ફોર્મ માટે સવારથી જ લાઈનોમાં ઉભા થઈ જાય છે અને સમાજ કલ્યાણ નિરીક્ષક કાંકરેજ તરીકે નવા આવેલા બારોટ અને એક મણિલાલ નામની એક અન્ય વ્યક્તિ સાથે આવી છે. ૧૦૦ કે ૧૫૦ ફોર્મ વહેંચીને જતા રહે છે, જ્યારે કાંકરેજ તાલુકામાં આ વખતે લગભગ૧૦૦ થી ૧૨૦નો લક્ષાક પંડિત દીનદયાળ મકાનનો છે. તેની સામે અત્યાર સુધીમાં લગભગ ચાર પાંચ હજાર ઉપરાંત ફોર્મ વેચાણ થઈ ગયા હોય ત્યારે કાંકરેજ તાલુકાના ગરીબ લાભાર્થીને હવે આ સમાજ કલ્યાણના પંડિત દીનદયાળ મકાન સહાયનો લાભ કેવી રીતે મળશે અને આટલા બધા લોકોમાં કોની પસંદગી કરવામાં આવશે, ત્યારે શુ આવી રીતે પ્રજાને ગુમરાહ કરી માત્ર વોટ માટેનું રાજકારણ ખેલાય છે, કે પછી લોકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. કાંકરેજ ધારાસભ્ય અને કાંકરેજ તાલુકા પંચાયતના પ્રમુખ આબાબતમાં મગનું નામ મરી નહિ પાડી રહ્યા. આમ કાંકરેજ તાલુકા પંચાયત કચેરી ખાતે લોકોની ભીડ જોવા મળી હતી અને મહિલાઓ અને પુરૂષો ભારે વિરોધમાં આવી મીડિયા સમક્ષ રજૂઆત કરી હતી અને સરકાર દ્વારા લોકોને સાચો ન્યાય મળે એવી આશા વ્યક્ત કરી હતી અને સ્થાનિક ધારાસભ્ય સહિત સમગ્ર ગ્રામપંચાયતના સરપંચોને વોટ લઈ રફુચક્કર થઈ ગયા તેવો આક્ષેપ કર્યો હતો.



# ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પાસે આવિષ્કાર સોસાયટીમાં બંધ મકાનમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા

ભિલોડા,તા.૧૩

ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ ધોલવાણી ત્રણ રસ્તા પાસે કારગીલ પેટ્રોલ પંપ સામે આવિષ્કાર સોસાયટીમાં આર્મીમેનના બંધ મકાનમાં અજાણ્યા તસ્કરો મધ્યરાત્રે ત્રાટક્યા હતા.રૂા.૪૬,૯૦૦/- ની માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ ગયા હતા. પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. પોલીસ ધ્વારા નાઈટ પેટ્રોલીંગ વધારવાની તાતી જરૂરીયાત છે.



## ખેડબ્રહ્મા ખાતે ૧૫ ઓગસ્ટના જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં આવકારવા થનગનતું વહીવટી તંત્ર

ભારતના ૭૨ માં સ્વાતંત્ર પર્વની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ વર્ષે સાબરકાંઠા જિલ્લાનો કાર્યક્રમ ખેડબ્રહ્માની જ્યોતિ વિધાલય ખાતે વિભાવરીબેન દવેના અદયક્ષસ્થાને યોજાશે. સોમવારના રોજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રિહર્સલ કરી તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની તૈયારી જોવા માટે કલેક્ટર, અધિક કલેક્ટર, ડી.પી.ઓ, ડી.વાય.એસ.પી. તથા વિવિધ ખાતાના અધિકારીઓ હજાર રહ્યા હતા. આ રિહર્સલમાં વિવિધ શાળાના બાળકોએ રંગારંગ કાર્યક્રમ રજૂ કર્યા હતા.



## મોડાસા સહિતના તમામ શિવાલયો ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠ્યા

શિવાલયોમાં જઈને જળ, દૂધ અને બિલિપત્રો ચઢાવીને શિવભક્તો ભોળાનાથની પૂજા-અર્ચના કરી ધન્ય બન્યા હતા. અરવલ્લી જિલ્લામાં આજે પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે ઠેર ઠેર શિવાલયોમાં ભાવિક ભક્તો ભોળાનાથને દર્શને ઉમટી પડ્યાં હતાં અને જળ, દૂધ અને બીલીપત્રો ચઢાવીને પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. મોડાસાના કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરથી માંડી માઝુમકાંઠે ગેબીનાથ શિવાલય, મોટી ઈસરોલના મોટેશ્વર, પંચ મહેશ્વર વડેશ્વર મહાદેવ, પાલ્લા પાસે રૂદરેશ્વર મહાદેવ સહિતના મંદિરોમાં ૐ નમઃ શિવાયના નાદ ગુંજી ઉઠ્યા હતા. સોમવારે સવારથી જ ભાવિકો પોતાના આસપાસના નજીકના શિવ મંદિરોમાં જઈ દર્શન કરી તેમજ વિવિધ પૂજા અર્ચના કરી હતી.

# શૌચાલય અને સ્વચ્છતા ક્ષેત્રે મેઘરજ તાલુકો પાછળ : પ્રગતિના આંકડાઓ ખોટા

મેઘરજ, તા. ૧૩

રાજ્ય સરકાર છેલ્લા બે વર્ષથી સ્વચ્છતા અને શૌચાલય માટે ઢોલ વગાડીને વારંવાર સૂચનો આપીને થયેલ પ્રગતિના આંકડા ગામવાર જવાબદાર અધિકારીઓ પાસેથી મંગાવે છે પરંતુ મેઘરજ તાલુકાના થોડાક જવાબદાર અધિકારીઓ ગામડાની મુલાકાત અને સ્થળનું નિરીક્ષણ કર્યા સિવાય એકબીજાના વિશ્વાસથી શૌચાલય વિષેની કામગીરીના તાલુકા કે જિલ્લા કક્ષાએ આંકડાઓ ૮૦ થી ૯૦ ટકા આંકડાઓ પ્રગતિના બતાવેલ છે પરંતુ વાસ્તવિક હકિકત આજે પણ છૂટાછવાયા ગામડાઓ સિવાય બાંધ્યા ગામોમાં પણ ઘર ઘર દીઠ તપાસ કરવામાં આવે તો ખરેખર ૬૦ ટકા જ શૌચાલયો બનેલ છે. અંતરિયાળ વિસ્તારમાં પણ એનજીઓ કે તાલુકાના અધિકારીઓએ આપેલ કોન્ટ્રાક્ટ દ્વારા માંડ માંડ ૪૦ ટકા કામગીરી થયેલ છે. વળી સ્વચ્છતા ક્ષેત્રે અંતરિયાળ ગામડાઓમાં તો પાણી વહી જતુ હોવાથી ગંદકી જોવા મળતી નથી જ્યારે બાંધ્યા ગામોમાં રોડ ઉપર ખાડાઓ ખોદીને નહાવા ધોવાનુ અને પેશાબનું ગંદુ પાણી એકઠુ થવાથી ગંદકી મોટા પ્રમાણમાં ફેલાઈ રહી છે. આરોગ્ય ખાતા દ્વારા પીવાના પાણીમાં ગોળીઓ નાખવામાં આવે છે પરંતુ મચ્છરોનો ઉપદ્રવ ન થાય તે માટે દવાઓ-પાવડરોનો છંટકાવ કરવામાં પણ તંત્ર નિષ્ફળ નીવડ્યુ છે. રાજ્ય સરકાર માત્ર આંકડાઓ મંગાવે છે અને સ્થાનિક લેવલેથી ખોટા આંકડાઓ મોકલીને સારી કામગીરીના આંકડાથી ખુશ કરવામાં તાલુકા અને જિલ્લા કક્ષાઓ ખોટા આંકડાની માયાજાળ ફેલાઈ છે ત્યારે નક્કર હકિકત નિહાળવા તંત્ર ગામોની મુલાકાત લે તો આંકડાની માયાજાળની પોલ ખુલી જાય તેમ છે. આ અંગે છગનભાઈએ જણાવ્યું છે કે સત્ય હકિકત ખોલવા બહારના અધિકારીઓ દ્વારા નિરીક્ષણ થવુ જ જોઈએ.



## ખેડબ્રહ્મામાં ગૌરક્ષકો દ્વારા રેલી કાઢી આવેદનપત્ર અપાયુ

તાજેતરમાં કડી તાલુકાના ખેરપુર ગામના ગૌરક્ષક રાજુભાઈ ગાંડાભાઈ રબારીને કસાઈઓ દ્વારા નિર્મમ હત્યા કરી દેવામાં આવી હતી. જે હત્યારાઓને પકડી સખત સજા થાય તે માટે ખેડબ્રહ્મામાં માલધારી સમાજ અને ગૌરક્ષકો દ્વારા કાશીવિશ્વનાથ મંદિરથી રેલી કાઢી માણેક ચોક, સરદાર ચોક, પેટ્રોલ પંપ થઈ પ્રાંત ઓફિસે પહોંચી પ્રાંત અધિકારી કૌશિકભાઈ મોદીને આવેદનપત્ર આપી માગ કરી હતી કે રાજુભાઈના હત્યારાઓને પકડી સજા કરવામાં આવે, ગૌરક્ષકો પર થતા અત્યાચાર બંધ થાય, કતલખાને જતી ગાયો બચાવવામાં આવે, કતલખાના બંધ કરવામાં આવે, દરેક ગામમાં ગૌચરની જમીન ખુલ્લી કરવામાં આવે જેવી માગણી કરવામાં આવી હતી.

# શ્રી જાગૃતિ વિદ્યાલય વેજપુરનું ગૌરવ

ભિલોડા, તા. ૧૩

શ્રી જાગૃતિ વિદ્યાલય વેજપુરની વિદ્યાર્થીની કુમારી ભાવનાબેન સુભાષભાઈ સગત જિલ્લા મહિલા એથ્લેટીક્સમાં ૧૦૦મી દોડ, ૨૦૦ મી. દોડ અને લાંબીકૂદમાં પ્રથમ નંબર મેળવી શાળાનું નામ રોશન કરેલ છે. શાળાના મંત્રી ડી.કે. પ્રજાપતિ, આચાર્ય ભાવનાબેન ડી. પ્રજાપતિ અને ડી.પી. એડ. શિક્ષક જે.પી. મકવાણા તેમજ સમગ્ર સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.

# સાબરકાંઠા કલેક્ટરે દત્તક લીધેલ ગઢોડા ગામમાં કેટલાંક ઈસમોએ રસ્તો બંધ કરતા ગ્રામજનોને ભારે હાલાકી

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જીલ્લાને અડીને આવેલા અને જીલ્લા સમાહર્તાએ દત્તક લીધેલ ગઢોડા ગામમાં સર્વે. નં-૨ માં આવેલો ૬ મકાનોના માર્જિનની જગ્યામાં આવેલો અને છેલ્લા ૪૦ વર્ષ થી રસ્તા તરીકે ઉપયોગમાં લેતા ગ્રામજનોનો એક માત્ર જીવાદોરી સમાન રસ્તો એક તરફથી કાળાભાઈ જીવાભાઈ પટેલ,ગોપાલ કાળાભાઈ પટેલ અને બીજી તરફથી પિનાકીન ગોરધનભાઈ નાઈ અને વિજયભાઈ ગોરધનભાઈ નાઈ નામના શખ્સોએ ગેરકાયદેસર રીતે પથ્થરોની દીવાલ ચણી લઈ બંધ કરી દેતા ગામમાં, પર ગામમાં અને ખેતરમાં જવાનો રસ્તો બંધ થતા ભારે હાલાકીનો સામનો ગ્રામજનો અનુભવી રહ્યા છે. આ ચારેય ઈસમોએ રસ્તો બંધ કરાતા બીમારી લોકો પ્રસૂતાને પીડા સમયે જાન જોખમમાં મુકાવાની સાથે ખેતરમાં જવાનો રસ્તો બંધ થતા ખેતી કામ પણ અટકી જતા અને ઘાસચારો પણ લેવાના જઈ શકતા પશુઓને ભૂખ્યા રહેવાનો વારો આવ્યો છે. ગ્રામજનોએ આ ઈસમોની દાદાગીરીથી કંટાળી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રસ્તા પરથી દબાણ દૂર કરી રસ્તો ખુલ્લો કરવાની માંગ કરી આવેદનપત્ર આપી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

હિંમતનગર તાલુકાના ગઢોડા ગામના ગ્રામજનોએ સાબરકાંઠા જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે કેટલાક શખ્સોએ ૪૦ વર્ષ જૂનો રસ્તો બંધ કરી દેતા ગ્રામજનોને બાનમાં લીધા છે. આકસ્મિક આવી પડેલી આફત અને બીમારીમાં ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સ સેવા ન મળતા જીવ ખોવાનો વારો આવી શકે છે. તદઉપરાંત આપે ગામને દત્તક લઈ ગામના વિકાસ માટે વિવિધ કામોમાં પણ આ ઈસમો રોડા નાખતા હોવાથી ગામનો વિકાસ અટકી ગયો હોય તેવી સ્થતિનું નિર્માણ થયુ છે. આ ઈસમોએ તેમના ઘર નજીકથી પસાર થતી ગટરકામ પણ અગમ્ય કારણોસર અટકાવી દેવાતા ગટરનું પાણી ગામની પ્રાથમિક શાળાના આગળ ખુલ્લી જગ્યામાં જતું હોવાથી શાળામાં અભ્યાસ કરતાં બાળકોના આરોગ્ય સામે પણ ખતરો પેદા થતા અને સરકારી કામોમાં અડચણ ઉભી કરતાં ગામનો વિકાસ અટકી ગયો હોવાનો અને ગ્રામજનોને બાનમાં લેવાનો પ્રયત્ન કરાતા યોગ્ય કાર્યવાહી કરવાની માંગ સાથે ગ્રામજનોની પજવણી કરતાં હોવાથી ન છૂટકે ગાંધીચીંધ્યા માર્ગે ઉપવાસ કરવાની ફરજ પડશે અને આત્મવિલોપનની પણ ચીમકી ઉચ્ચારી હતી. જીલ્લા કલેક્ટરે યોગ્ય કાર્યવાહી કરવાની ગ્રામજનોને હૈયા ધારણા આપી હતી.



# પ્રાંતિજ ખાતે સાબરકાંઠા બેંકના ચેરમેનનો ભવ્ય સત્કાર સમારંભ યોજાયો

## કિસાનો, સહકારી કાર્યકરો, યુવાનો, ખેડૂતો પશુપાલકો ઉમટી પડયા

પ્રાંતિજ,

સાબરકાંઠા જિલ્લાની ટોચની સહકારી સંસ્થા ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કમાં રાજ્યના સહકારી આગેવાન અને પ્રાંતિજ તાલુકાના ફતેપુર ગામના મહેશભાઈ અમીચંદભાઈ પટેલ પુનઃ સતત બીજી વખત ચેરમેન પદે બિનહરીફ ચૂંટાઇ આવતા પ્રાંતિજ-તલોદ તાલુકાના ખેડૂતો, સેવા સહકારી મંડળીના હોદ્દેદારો, દુધ મંડળીના હોદ્દેદારો, આગેવાનો કાર્યકરો દ્વારા ભવ્ય સત્કાર સન્માન સમારંભ તારીખ ૧૨/૦૮/૨૦૧૮ ને રવિવારના રોજ પ્રાંતિજની વાસુદેવ રાવલ અધ્યાપન મંદિરના પ્રાર્થના હોલમાં યોજાયો હતો.

આ પ્રસંગે સાંસદ દીપસિંહ રાઠોડ, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, માજી સાંસદ જયસિંહ ચૌહાણ, જીલ્લા ખરીદ વેચાણ સંઘ ના ચેરમેન મણીભાઈ પટેલ, પ્રાંતિજ માર્કેટયાર્ડના ચેરમેન રાજુભાઈ પટેલ, ભોગીભાઈ પટેલ તેમજ તલોદ-પ્રાંતિજ તાલુકાના કિસાન આગેવાનો, સહકારી આગેવાનો,કાર્યકરો, મંડળીઓના પ્રતિનિધિ સભાસદો એ મહેશભાઈ પટેલ અને તેમની ટીમનું શાનદાર સન્માન કર્યુ હતું.

સન્માનના પ્રત્યુત્તરમાં મહેશભાઈ પટેલે જણાવ્યું કે સહકારી સંસ્થાઓ થકી કિસાનો લોકોને ઉન્નતિના માર્ગે વાળી વિકાસની કેડી કંડારવાની છે. આધુનિક ટેકનોલોજી કેશલેસ તેમજ ખેતીના ઉત્કર્ષ માટે આપની બેંક કિસાનોની પડખે છે. ત્યારે બંને જિલ્લાના કિસાનોનો ખેતીનો વિકાસ કરી હરિયાળીક્રાંતિ-શ્વેત ક્રાંતિ સાથે તમામ ક્ષેત્રે વિકાસ થાય તે માટેની બેંકની ભવિષ્યની યોજનાઓ નો તેમણે ખ્યાલ આપ્યો હતો. યુવાનો, કિસાનો, આગેવાનોની વિશેષ હાજરી આંખે વરગે તેમ હતી.